# કરજ ચૂકવવા બની હતી ‘નેહલે પે દેહલા’?

દોસ્તો, આજે આપણે બોલિવૂડના ઈતિહાસના એક એવા મજેદાર અને આશ્ચર્યજનક કિસ્સા વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જે સાંભળીને તમે પણ કહેશો આ તો નેક્સ્ટ લેવલ ડ્રામા છે!




**શૂટિંગ દરમિયાન રાજ ખોસલા એક દિવસ નહોતા તો કેટલોક ભાગ સુનિલ દત્તે પોતે જ ડાયરેક્ટ કર્યો હતો!**

આપણે વાત કરી રહ્યા છીએ 1976માં આવેલી મલ્ટીસ્ટારર ફિલ્મ ‘નેહલે પે દેહલા’ વિશે. બોલિવૂડના એક્ટર સુનિલ દત્તને ભારે આર્થિક સંકટ અને કરજમાંથી બહાર કાઢવા માટે રચાયેલો એક માસ્ટરપ્લાન હતો! ચાલો, જાણીએ આ ફિલ્મ પાછળના રોચક અને અનટોલ્ડ કિસ્સાઓ!

971માં સુનિલ દત્તે ખૂબ જ અપેક્ષાઓ સાથે ‘રેશમા ઓર શેરા’ આર્ટિસ્ટિક ફિલ્મ બનાવી, પરંતુ બોક્સ ઓફિસ પર ડિઝાસ્ટર સાબિત થઈ! અને સુનિલ દત્ત ભારે કરજમાં ડૂબી ગયા! લેણદારો અને કરજદારો દરવાજે આવીને ઊભા હતા. આ મુશ્કેલ સમયમાં સુનિલ દત્તે પોતાના કરજદારોને એક વચન આપ્યું: મારી આગામી ફિલ્મ રિલીઝ થવા દો, હું તમારો એક-એક રૂપિયો વ્યાજ સાથે ચૂકવી દઈશ! પરંતુ, હિટ ફિલ્મ બનાવવી એ કાંઈ રમત વાત નહોતી. એના માટે બોલિવૂડના સૌથી સક્સેસફુલ ડિરેક્ટરની જરૂર હતી.

એ જમાનામાં ફિલ્મ ‘મેરા ગાવ મેરા દેશ’ના ડિરેક્ટર રાજ ખોસલા ઈન્ડસ્ટ્રીના ‘ગોલ્ડન બોય’ ગણાતા હતા. સુનિલ દત્તે તરત જ રાજ ખોસલાનો સંપર્ક કર્યો અને પોતાના માટે એક હિટ મસાલા ફિલ્મ બનાવવા વિનંતી કરી.

રાજ ખોસલાએ કહ્યું, સુનિલજી, હું તમારા બેનર (અજંતા આર્ટ્સ) માટે ફિલ્મ ડાયરેક્ટ કરવા તૈયાર છું, પણ મારી એક જ શરત છે! મારી આગામી ફિલ્મમાં નરગિસને હિરોઈન તરીકે કમબેક કરવું પડશે!

**મુવિયાના**

હવે પ્રોબ્લેમ એ હતો કે નરગિસ એ સમયે એક્ટિંગમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા હતાં પણ રાજ ખોસલા જેવા ટોપ ડિરેક્ટરને ના પણ પાડી શકાય તેમ નહોતું.

અહીં નરગિસે પોતાની બુદ્ધિમત્તા વાપરીને ડિરેક્ટરને એવી ગૂગલી નાખી કે તેઓ પણ માની ગયા! નરગિસે રાજ ખોસલાને કહ્યું, સુનિલજી અત્યારે માનસિક અને આર્થિક રીતે ખૂબ દબાણમાં છે. જો હું અત્યારે ફિલ્મ સ્વીકારીશ તો તેમનું ધ્યાન વહેંચાઈ જશે. તમે પહેલા આ મસાલા ફિલ્મ બનાવીને સુનિલજીને કરજમાંથી બહાર કાઢો, પછી હું તમારી ફિલ્મમાં કામ કરવા વિશે ચોક્કસ વિચારીશ!

આ રીતે નરગિસે પોતાનું કામ પણ સાચવ્યું અને પતિને મદદ માટે રાજ ખોસલા જેવા દિગ્ગજ ડિરેક્ટર પણ મેળવી આપ્યા!

રાજ ખોસલાએ વાર્તા માટે સુપરહિટ ફિલ્મ ‘જોની મેરા નામ’માંથી ઈન્સ્પિરેશન લીધું. એક પોલીસ અફસરના બે બાળકો નાનપણમાં છૂટા પડી જાય છે અને એક બાળક ગુંડા પાસે ઉછરે છે એ જ ટિપિકલ 70sની ‘ખોયા-પાયા’ બોલિવૂડ ફોર્મ્યુલા!

બીજા હીરો તરીકે તેમણે વિનોદ ખન્નાને સાઈન કર્યા. સુનિલ દત્તે જ ઈન્ડસ્ટ્રીમાં લોન્ચ કર્યા હોવાથી તેઓ તરત માની ગયા.

ફિમેલ લીડમાં સાયરા બાનો અને ગ્લેમર માટે બિંદુને લેવામાં આવ્યા. મેન વિલન તરીકે પ્રેમનાથ અને સાથે રંજીત, ઓમપ્રકાશ, ભારત ભૂષણ જેવા કલાકારો જોડાયા.

મજેદાર વાત એ છે કે શૂટિંગ દરમિયાન રાજ ખોસલા એક દિવસ નહોતા તો કેટલોક ભાગ સુનિલ દત્તે પોતે જ ડાયરેક્ટ કર્યો હતો!

70ના દાયકામાં ફિલ્મ ‘સુપરહિટ’ કે ‘બ્લોકબસ્ટર’ છે તે પ્રોડ્યુસરના પ્રોફિટ પર નહીં, પણ ડિસ્ટ્રિબ્યુટર્સના પ્રોફિટ પર નક્કી થતું હતું. મોટા નિર્માતાઓ પોતાના નફાનો હિસ્સો ડિસ્ટ્રિબ્યુટર્સને આપીને થિયેટરોમાં શૉ ખાલી હોવા છતાં ફિલ્મ અઠવાડિયાં સુધી ચાલુ રખાવતા હતા, જેથી પબ્લિકમાં હાઈપ બને!

પરંતુ સુનિલ દત્તને તો પોતે જ પૈસાની સખત જરૂર હતી! તેમણે ડિસ્ટ્રિબ્યુટર્સને કોઈ એક્સ્ટ્રા કમિશન આપવાને બદલે પૂરેપૂરો પ્રોફિટ પોતાના કરજ ચૂકવવામાં વાપર્યો. ભલે આ ફિલ્મને ઓફિશિયલી ‘બ્લોકબસ્ટર’નો ટેગ ન મળ્યો, પણ દેશના કેટલાય થિયેટરોમાં આ ફિલ્મ 15 અઠવાડિયાં કરતાં વધુ સમય ચાલી અને હાઉસફુલ રહી!

રાજ ખોસલાએ પાછળથી પોતે કબૂલ્યું હતું કે આ ફિલ્મ તેમના પર્સનલ ટેસ્ટ મુજબની નહોતી, પણ માત્ર સુનિલ દત્ત સાથેની મિત્રતા ખાતર તેમણે બનાવી હતી.

ફિલ્મનું મ્યુઝિક R.D. બર્મને આપ્યું હતું, પરંતુ ઉતાવળમાં બન્યું હોવાથી એમના અન્ય આલ્બમ્સ જેવી જાદુઈ ઈમ્પેક્ટ ન પાડી શક્યું.

સાયરા બાનોનો ગ્લેમરસ અવતાર અને ટિપિકલ મુંબઈયા ટપરી ડાયલોગ ડિલિવરી પણ પ્રેક્ષકો માટે થોડી આર્ટિફિશિયલ લાગી હતી.

ફિલ્મ ‘નેહલે પે દેહલા’ કદાચ ભારતીય સિનેમાની કોઈ ઓસ્કાર-લેવલ ક્લાસિક ફિલ્મ ન બની શકી, પણ બોલિવૂડ ઈતિહાસમાં તેનું સ્થાન ખાસ છે. કારણ કે જે મિશન માટે આ ફિલ્મ બનાવવામાં આવી હતી. સુનિલ દત્તને આર્થિક બરબાદીમાંથી બચાવવાનું અને તેમનું સન્માન પાછું અપાવવાનું તે મિશન 100% સક્સેસફુલ રહ્યું હતું! ●




# યશજીનો છેલ્લો રોમાન્સ અને એક અધૂરું ગીત!

## યશજી વગર સ્વિટ્ઝર્લેન્ડ પણ અધૂરું લાગ્યું!

બોલિવૂડના રોમાન્સની વાત થાય અને યશ ચોપરાનું નામ ન આવે એવું તો શક્ય જ નથી. બરફથી ઢંકાયેલા સ્વિટ્ઝર્લેન્ડના પહાડો, હવામાં લહેરાતી શિફોનની સાડી, સરસ મજાનું સોંગ અને સામે હાથ ફેલાવીને ઊભેલો હીરો... આ આખું પેકેજ જાણે યશ ચોપરાની સિનેમેટિક સહી બની ગયું હતું. સ્વિટ્ઝર્લેન્ડમાં પ્રેમનું એ જ જૂનું, પણ હંમેશાં તાજું જાદુ સર્જવા માગતા હતા.

ફિલ્મના ટાઈટલ ટ્રેકની તૈયારીની જવાબદારી કોરિયોગ્રાફર વૈભવી મર્ચન્ટને સોંપવામાં આવી હતી. વૈભવીએ પણ કોઈ કચાશ રાખી નહોતી. સ્વિસ લોકેશન્સની રેકી થઈ ગઈ, સોંગના મુવમેન્ટથી લઈને કેમેરાની ગોઠવણી સુધીનું પ્લાનિંગ તૈયાર હતું. બસ હવે યશજી સાથે ટીમ સ્વિટ્ઝર્લેન્ડ પાસે તેને પૂર્ણ કરવાનો રસ્તો હતો. વૈભવી મર્ચન્ટ અથવા આદિત્ય ચોપરા દિગ્દર્શનની જવાબદારી સંભાળી શકે તેમ હતા. પરંતુ અહીં વૈભવી અને શાહરૂખે એવો નિર્ણય લીધો, જેમાં યશ ચોપરા પ્રત્યેનો તેમનો આદર સ્પષ્ટ દેખાયો.

તેમનું માનવું હતું કે સ્વિટ્ઝર્લેન્ડના એ જ બરફીલા પહાડો પર શિફોનની સાડી લહેરાવીને રોમાન્સ કેદ કરવાનો જાદુ





તેમણે પ્રેમને માત્ર વાર્તાનો હિસ્સો બનાવ્યો નહોતો, પરંતુ તેને પડદા પર એક અલગ જ દુનિયા બનાવીને રજૂ કર્યો હતો.

યશ ચોપરા માટે સ્વિટ્ઝર્લેન્ડ માત્ર એક સુંદર લોકેશન નહોતું. તેમના સિનેમામાં આ બરફીલા પહાડો પ્રેમના સાક્ષી બની જતા. ‘ચાંદની’, ‘ડર’, ‘દિલ તો પાગલ હૈ’, ‘વીર-ઝારા’ જેવી ફિલ્મોમાં તેમના રોમાન્સે દર્શકોને એવી દુનિયા દેખાડી, જ્યાં પ્રેમ સાથે બરફ પણ સુંદર લાગતો હતો. શાહરૂખ ખાન સાથેની તેમની જોડી તો જાણે રોમાન્સની પરફેક્ટ રેસિપી બની ગઈ હતી.

વર્ષ ૨૦૧૨માં ‘જબ તક હૈ જાન’ સાથે યશ ચોપરા પોતાની દિગ્દર્શક તરીકેની સફરને અલવિદા કહેવા જઈ રહ્યા હતા. આ તેમની છેલ્લી ફિલ્મ હતી અને એટલે જ તેના દરેક દૃશ્ય સાથે એક અલગ જ લાગણી જોડાયેલી હતી. શાહરૂખ ખાન અને કેટરિના કૈફને લઈને તેઓ ફરી એકવાર પોતાના મનપસંદ

**પરદે કે પીછે**

**યશ ચોપરા માટે સ્વિટ્ઝર્લેન્ડ માત્ર એક સુંદર લોકેશન નહોતું, તેમના સિનેમામાં આ બરફીલા પહાડો પ્રેમના સાક્ષી બની જતા**

જવાની હતી. પણ કુદરતને કદાચ કંઈક બીજું જ મંજૂર હતું.

અચાનક યશ ચોપરા બીમાર પડ્યા અને હોસ્પિટલમાં દાખલ થયા. થોડા જ દિવસોમાં તેમના નિધનના સમાચાર આવ્યા અને આખું બોલિવૂડ શોકમાં ગરકાવ થઈ ગયું. ‘જબ તક હૈ જાન’ માત્ર એક ફિલ્મ ન રહી, પરંતુ યશજીની છેલ્લી ફિલ્મ બની ગઈ. હવે સૌથી મોટો સવાલ હતો–ટાઈટલ ટ્રેકનું શું?

સોંગનું શૂટિંગ બાકી હતું અને ટીમ યશજીનો જ હતો.

તેમના વગર એ જ લોકેશન પર જઈને એ જ સ્ટાઈલમાં સોંગ બનાવવું યોગ્ય લાગતું નહોતું. પરિણામે ટાઈટલ ટ્રેકનું એ મૂળ પ્લાનિંગ જ પડતું મૂકવામાં આવ્યું. અને કદાચ આ જ નિર્ણયે સોંગને વધારે ખાસ બનાવી દીધું.

‘જબ તક હૈ જાન’ના અંતમાં ટાઈટલ ટ્રેક યશજીના જીવનની બિહાઈન્ડ-ધ-સીન્સ તસવીરો સાથે સંભળાય છે. એટલે કે જે સોંગ માટે સ્વિટ્ઝર્લેન્ડના પહાડો તૈયાર હતા, તે આખરે યશ ચોપરાની યાદો વચ્ચે ગુંજ્યું.

યશજીની ફિલ્મોમાં પ્રેમને ભવ્યતા મળતી હતી, પરંતુ તેમની છેલ્લી ફિલ્મમાં તેમના માટે સૌથી મોટી ભવ્યતા કદાચ એ હતી કે તેમની ગેરહાજરીમાં પણ તેમના વિઝન સાથે કોઈએ સમાધાન ન કર્યું. સ્વિટ્ઝર્લેન્ડમાં એ વખતે શિફોનની સાડી તો ન લહેરાઈ, પણ યશ ચોપરાનો રોમાન્સ આજે પણ એ જ પવનમાં લહેરાતો લાગે છે. ●

# ટોમ ક્રૂઝનું બ્યુટી સિક્રેટ કે ‘બર્ડ પુપ’ ફેશિયલનો ફંડા?





ટોમ ક્રૂઝ એક્શન ફિલ્મોમાં ખતરનાક સ્ટન્ટ માટે જેટલા જાણીતા છે, એટલી જ રસપ્રદ તેમની કેટલીક બ્યુટી અને સ્કિનકેર સાથે જોડાયેલી ચર્ચાઓ પણ રહી છે. સામાન્ય માણસ ચહેરાની ચમક માટે ફેશિયલ, ક્રીમ કે સીરમનો સહારો લે, પરંતુ ટોમ ક્રૂઝ સાથે જોડાયેલો એક જૂનો અહેવાલ એવો હતો કે તેમની બ્યુટી રૂટીનમાં પક્ષીની બીટથી બનેલા ફેશિયલનો પણ સમાવેશ થતો હતો!

આ ટ્રીટમેન્ટને સામાન્ય રીતે ‘જીઈશા ફેશિયલ’ તરીકે ઓળખવામાં આવે છે. તેમાં જાપાનીઝ નાઈટિંગેલ પક્ષીની પ્રક્રિયા કરેલી બીટને ચોખાના ભૂસા અને પાણી સાથે મિક્સ કરીને ચહેરા પર લગાવવામાં આવે છે. સાંભળવામાં જ અજીબ લાગતી આ રીત ખરેખર જાપાનની જૂની બ્યુટી પરંપરાઓ સાથે જોડાયેલી છે. આધુનિક સ્પામાં પણ તેના કેટલાક સ્વરૂપો જોવા મળ્યા છે.

ટોમ ક્રૂઝ વિશે 2012માં કેટલાક મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેઓ આ પ્રકારના બર્ડ-પુપ ફેશિયલના ચાહક હતા અને તેને ચહેરાની ચમક માટે ઉપયોગ કરતા હતા. એક અહેવાલમાં તો આ ટ્રીટમેન્ટથી તેમના ચહેરાના દેખાવમાં સારો ફેરફાર અનુભવાતો હોવાનો દાવો પણ કરવામાં આવ્યો હતો. જોકે આ વાતને ટોમ ક્રૂઝની પોતાની વિગતવાર પુષ્ટિ તરીકે રજૂ કરવી યોગ્ય નથી; તે સમયના મીડિયા રિપોર્ટ્સ પર આધારિત ચર્ચા છે.

આ ફેશિયલની પાછળનો વિચાર પણ રસપ્રદ છે. નાઈટિંગેલની બીટને સેનિટાઈઝ કરીને પાવડર સ્વરૂપમાં ઉપયોગ કરવામાં આવે છે અને તેમાં રહેલા કેટલાક ઘટકોને ત્વચા માટે એક્સફોલિએટિંગ ગુણો સાથે જોડવામાં આવ્યા છે. જોકે તેની અસર અંગેના દાવાઓને ચમત્કારી બ્યુટી સિક્રેટ માનવા કરતાં પરંપરાગત કોસ્મેટિક પ્રથા તરીકે જોવું વધુ યોગ્ય છે.

એક્શન હીરો સ્ક્રીન પર હેલિકોપ્ટરથી કૂદે, વિમાન સાથે લટકે અને ખતરનાક સ્ટન્ટ કરે–એ તો ટોમ ક્રૂઝ માટે સામાન્ય વાત છે. પરંતુ જો બ્યુટી રૂટીનમાં ખરેખર પક્ષીની બીટ સુધી પહોંચ્યા હોય તો આ સ્ટન્ટ થોડો અલગ જ પ્રકારનો કહેવાય! હોલિવૂડમાં ગ્લો માટે લોકો શું-શું અજમાવે છે તેનો આ કિસ્સો ચોક્કસપણે સૌથી અજીબ ઉદાહરણોમાં ગણાય છે. ●

**હોલીવુડ હંગામા**

# હેઇડી ક્લુમની ‘લકી પોટલી’માં દાંતનો ખજાનો!



હોલિવૂડ અને ફેશનની દુનિયામાં હેઈડી ક્લુમનું નામ ગ્લેમર, બોલ્ડ લુક અને અતરંગી અંદાજ માટે જાણીતું છે. પરંતુ એક સમય એવો પણ હતો જ્યારે આ સુપરમોડલ મુસાફરી દરમિયાન પોતાના લુક કરતાં એકદમ અલગ જ વસ્તુને સૌથી વધુ મહત્વ આપતી હતી. વાત છે તેના દૂધિયા દાંતની!

હેઈડી જ્યારે નાની હતી અને મોડેલિંગ માટે એકલા-એકલા દુનિયાભરમાં પ્રવાસ કરતી હતી ત્યારે તે પોતાના ખોવાયેલા દાંત એક નાનકડા પાઉચમાં સાથે રાખતી હતી. વાત માત્ર એક-બે દાંતની નહોતી. તેના જણાવ્યા પ્રમાણે, બાળપણમાં પડેલા દાંતથી લઈને કેટલાક કાઢવામાં આવેલા દાંત પણ તેની માતાએ સાચવી રાખ્યા હતા અને બાદમાં તે દાંત હેઈડીની ટ્રાવેલ કિટનો ભાગ બની ગયા હતા. હવે સવાલ એ કે કોઈ સુપરમોડલ પોતાના સામાનમાં દાંત શા માટે રાખે? હેઈડીનો જવાબ પણ એટલો જ રસપ્રદ હતો–તે તેને લકી ચાર્મ માનતી હતી. નાની ઉંમરે તે એકલી બ્રાઝિલ, ફ્રાન્સ, આફ્રિકા અને મલેશિયા જેવા દેશોમાં કામ માટે જતી હતી. અજાણી જગ્યાઓ, એકલું ટ્રાવેલિંગ અને મોડેલિંગની દોડધામ વચ્ચે આ દાંતનું પાઉચ તેને જાણે નાનકડું ‘ગુડ લક’ આપતું હતું. આ વાત એટલી અજીબ હતી કે વર્ષો બાદ પણ હેઈડીને તેના વિશે સવાલો પૂછાતા રહ્યા. એક ઈન્ટરવ્યૂમાં તેણે આ વાત સ્વીકારી અને કહ્યું કે તે સમયે તેને આ વસ્તુથી એક પ્રકારની સુરક્ષાની લાગણી થતી હતી. જોકે હવે તે આ ટેવ છોડી ચૂકી છે અને પાઉચ પણ હાલમાં ક્યાં છે તે તેને ચોક્કસ ખબર નથી. તેણે પોતાના જૂના આ કિસ્સાને જ ‘વિચિત્ર અને રેન્ડમ’ આદત ગણાવી હતી.

સામાન્ય લોકો માટે ટ્રાવેલમાં પાસપોર્ટ, પૈસા અને ચાર્જર જરૂરી હોય છે, જ્યારે હેઈડી ક્લુમ માટે એક સમયના પ્રવાસમાં ‘દાંતનું પાઉચ’ પણ એટલું જ ખાસ હતું! ગ્લેમરની દુનિયાની આ વાત સાંભળીને એટલું તો કહી શકાય કે હેઈડીનો લકી ચાર્મ ખરેખર થોડો ‘દાંતવાળો’ હતો! ●